# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-08-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પીએમ કિસાન સન્માન નિધિ : વારાણસ, ગાંધીનગર, નખત્રાણા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશના વારાણસીથી પીએમ કિસાન સન્માન નિધિ – PM કિસાન યોજનાનો 20-મો હપ્તો જાહેર કર્યો. દરમિયાન દેશના નવ કરોડ 70 લાખથી વધુ ખેડૂતોને 20 હજાર 500થી વધુ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી.

દરમિયાન ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પીએમ કિસાન ઉત્સવ દિવસ ઉજવાયો. આ પ્રસંગે શ્રી પટેલના હસ્તે પીએમ કિસાન યોજના હેઠળ રાજ્યના 52 લાખ 16 હજારથી વધુ ખેડૂત પરિવારને એક હજાર 118 કરોડ રૂપિયાથી વધુના 20મા હપ્તા સ્વરૂપે ડાયરેક્ટ બેન્ક ટ્રાન્સફર- DBT મારફતે સહાયનું વિતરણ કરાયું.

દરમિયાન નખત્રાણા ખાતે જિલ્લા કક્ષાનો પીએમ કિસાન ઉત્સવ દિવસ ઉજવાયો હતો. જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને જિલ્લા અમલીકરણ સમિતિ દ્વારા પી.એમ. કિસાન ઉત્સવ દિવસ યોજાયું હતું. આ પ્રંસગે વારાણસીથી પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓને 20મો હપ્તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર થયો તેનું જીવંત પ્રસારણ સૌ ઉપસ્થિતોએ નિહાળ્યું હતું. આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા સહિતના ઉપસ્થિત રહ્ય હતા.

--------------------------------------------------------------------------------

## રાજ્યમાં વરસાદની સ્થિતિ

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતમાં સત્તાવાર ચોમાસાના આગમનને દોઢ મહિનાનો સમય વિતી ચૂક્યો છે. 1 ઓગસ્ટ સુધીમાં સૌરાષ્ટ્રના 11 જિલ્લાઓમાં સરેરાશ 17 ઈંચ જ્યારે કચ્છમાં

12 ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે. હાલ મોટાભાગના જિલ્લાઓમાં મેઘવિરામ છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે વરસાદ ઓછો છે પણ સૌરાષ્ટ્ર કચ્છના ડેમમાં ગત વર્ષ કરતા જળસંગ્રહ વધુ થયો છે. અત્યાર સુધી સૌથી વધુ જૂનાગઢ જિલ્લામાં 21 ઈંચ સરેરાશ વરસાદ નોંધાયો છે. જ્યારે સૌથી ઓછો અમરેલી, મોરબી અને કચ્છમાં 12-12 ઈંચ નોંધાયો છે. કચ્છમાં વરસાદના તાલુકાવાર આંકડા જોઇએ તો ભુજ અને નખત્રાણામાં 14 ઇંચ, રાપર, ભચાઉ અને અંજારમાં 10 ઇંચ, લખપતમાં 8 ઇંચ અને અબડાસામાં સૌથી ઓછો 6 ઇંચ વરસાદ પડ્યો છે જ્યારે સૌથી વધારે માંડવી, મુન્દ્રા અને ગાંધીધામમાં 15 ઇંચ વરસાદ વરસ્યો છે.

-----------------------------------------------------------------------------------------

## લમ્પી વાયરસ : કચ્છમાં સર્વે

રાજ્યમાં ફરી લંપી વાયરસના કેસોમાં વધારો થઇ રહ્યો છે. છેલ્લા 15 દિવસમાં રાજ્યમાં 300થી વધુ કેસ નોંધાયા છે તો કચ્છમાં પણ લંપી વાયરસના કેસો સામે આવી રહ્યા છે. ત્યારે કચ્છમાં 40 લાખ પશુઓનો 3 દિવસમાં સર્વે હાથ ધરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આજથી તાલુકા કક્ષાએ ટિમો બનાવીને સર્વે શરૂ કરાયું છે. વેટરનરી ડોક્ટર્સ કુત્રિમ બીજદાન કરતા ડોક્ટર્સ આ સર્વેમાં જોડાયા છે. સર્વે દરમિયાન  જે પશુઓમાં લમપીના લક્ષણો દેખાશે તેના આધારે કચ્છમાં મેઘ વેક્સિનેશન પ્રોગ્રામ હાથ ધરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------

## આદિપુર : નારી વંદન ઉત્સવ

નારી વંદના ઉત્સવ નિમિત્તે મહિલા સુરક્ષા દિવસની થીમ આધારે આદિપુર મહિલા પોલીસ સ્ટેશન દ્વારા મહિલાઓની સુરક્ષા અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. આદિપુર મહિલા પોલીસ સ્ટેશન, શી ટીમ અને 181 અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ દ્વારા સરસ્વતી વિદ્યાલય આદિપુર ખાતે મહિલાઓને તેમની સુરક્ષા માટે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. આદિપુર મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. એન.બી. ડોડીયાએ શી ટીમ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ 181 હેલ્પલાઇનના નિરૂપાબેન બારડે મહિલા હેલ્પલાઇનની કામગીરી અને તેના ઉપયોગ વિશે સમજ આપી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને તેમની સુરક્ષા

માટે જાગૃત કરવાનો અને કટોકટીની સ્થિતિમાં મદદ મેળવવા માટેની માહિતી પૂરી પાડવાનો હતો.

-----------------------------------------------------------------------------------

## ગાંધીધામ : દબાણકારોને નોટિસ

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરના 25 દબાણકારને સ્વેચ્છાએ અતિક્રમણ દૂર કરવા માટે નોટિસ ફટકારવામાં આવી છે. સાથે સાથે કિડાણામાં પણ કાર્યવાહી કરવામાં આવી છે. જો સમય મર્યાદાની અંદર સ્વેચ્છાએ દબાણો દૂર કરવામાં નહીં આવે, તો તંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરાશે. વહીવટી તંત્ર દ્વારા 10થી વધુ લોકોને સમય મર્યાદામાં સ્વેચ્છાએ અતિક્રમણ દૂર કરવા માટે નોટિસ આપી છે, તો ગુજરાત હાઉસિંગ બોર્ડમાં પીવાનાં પાણીની લાઈનો ઉપર દબાણો છે, જેના કારણે આવશ્યક સેવા ઉપર ગંભીર અસર પડી રહી છે અહીં 13થી વધુ દબાણકર્તાને નોટિસ આપવામાં આવી છે, જ્યારે કિડાણામાં ત્રણને નોટિસ આપવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------

## હવામાન

જિલ્લામાં જુલાઇ માસની શરૂઆતમાં સચરાચર મેઘમહેર બાદ લાંબા સમયથી મેઘ વિરામ ચાલી રહ્યો છે. જોકે છેલ્લા થોડા દિવસથી કચ્છમાં વરસાદી જોવા મળી રહ્યો છે. આજે સવારથી જ કચ્છના મોટાભાગના વિસ્તારોમાં વાદળોની અવરજવર વચ્ચે ધૂપ છાંવભર્યો માહોલ યથાવત રહ્યો હતો. બપોરના સમયે અંજાર અને આસપાસના વિસ્તારોમાં ઝરમર સ્વરૂપે વરસાદથી માર્ગો ભીંજાયા હતા. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમીયાન વરસાદની નહીવત સંભાવના વ્યક્ત કરી છે.

-----------------------------------------------------------------------------------

## ભજમાં નાટક

મહાત્મા ગાંધીજીની કચ્છયાત્રાની શતાબ્દી ઉજવણીના અવસરે યોજાનારા વિવિધ કાર્યક્રમોની શ્રૃંખલા પૈકી અમદાવાદના કચ્છી કલાકાર દીપક અંતાણી લિખિત - દિગ્દર્શિત નાટક એમ. કે. ગાંધી હાજીર હો...નું મંચન આજે ભુજના ટાઉનહોલમાં રાત્રે સાડા આઠ કલાકે કરાશે.

-----------------------------------------------------------------------------------------